ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# મનપાનું ડ્રાફ્ટ બજેટ : કોથળામાં પાનશેરી છુપાવી

**સફાઈ કરમાં વધારાથી ૯૫ લાખ; કચરા કલેક્શન થકી રૂ. ૨ કરોડ : મિલ્કત વેરામાં આંશિક સુધારાથી ૫૦ લાખ તેમજ વ્હીકલ ટેક્ષ લાદી રૂ. બે કરોડની આવક મેળવવાના અંદાજો : ૨૮૨ કરોડના બજેટમાં ૬૪.૪૨ કરોડની પુરાંત : માળખાકીય કામોમાં પણ આંતર માળખાકીય અને સામાજિક આંતર માળખાકીય કામોની પાતળી ભેદરેખા ડ્રાફ્ટ બજેટમાં દોરતા કમિશ્નર**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશ્નર ડી.એન. મોદીએ આજે ૨૦૧૮-૧૯ના બજેટમાં કોથળામાં પાનસેરી રાખી રજુ કરી ૬૪ કરોડ જેટલી માતબર પુરાંત બતાવી છે.

મિલ્કતવેરાના દરમાં કાર્પેટ એરિયા ધ્યાને રાખી તેમાં આંશિક સુધારા સાથે રૂ. ૫૦ લાખની આવક વધુ મેળવવાનો પ્રયાસ કરાયો છે. તો સફાઈ વેરામાં પણ ચો.મી.ના નવા ગણિતો સાથે વિસંગતતાઓને દૂર કરી રૂ. ૯૫ લાખની વધુ આવક મેળવાશે તેમ જણાવ્યું છે.

મ્યુનિ. કમિશ્નરે તેમના ડ્રાફ્ટ બજેટમાં વ્હીકલ ટેક્ષની દરખાસ્ત પણ રજુ કરી અને બે કરોડ જેટલી આવક મેળવવાનો અંદાજ રજુ કર્યો છે.

ભારત સરકાર અને નાણાંપંચની જોગવાઈઓને આધીન રહી કમિશ્નરે પહેલીવાર ડોર ટુ ડોર કચરાના કલેક્શન માટેનો નવો ચાર્જ વસુલવાની વાત કરી રૂ. બે કરોડની વધારાની આવક મેળવવાનો નવો અભિગમ પણ દાખવ્યો છે. જેમાં બે સ્લેબ બનાવાયા છે. રહેણાંક વિસ્તારમાં આ નવો દર વાર્ષિક રૂ. ૪૫૦ લેખે અને રહેણાંક સિવાયની મિલ્કતોમાં રૂ. ૬૫૦ લેખે આ દર વસુલવાની દરખાસ્ત ડ્રાફ્ટ બજેટમાં કરી સૌને ચોંકાવી દીધા છે.

શહેરમાં પ્રથમવાર વપરાતા વાહનો અને રજીસ્ટ્રેશન થતા વ્હીકલો પર પણ ૨ ટકાથી લઈ ૨.૫૦ ટકા બેઈઝ પ્રાઈઝ વેરા પેટે વસુલવાની દરખાસ્ત પણ કમિશ્નરે તેમના ડ્રાફ્ટ બજેટમાં કરી છે. આ સૂચિત વાહનવેરાને પગલે પણ રૂ. બે કરોડની આવક થવાનો અંદાજ કમિશ્નરે બજેટમાં કહ્યો છે.

કમિશ્નરે વ્યવસાય વેરાની વસુલાતને સઘન બનાવવા સાથે નવા વ્યવસાયકારોને શોધી કાઢવાના પણ સ્પષ્ટ સંકેત તેમના ડ્રાફ્ટ બજેટમાં આપ્યા છે.

મ્યુનિ. કમિશ્નરે બજેટનું કદ રૂ. ૨૮૨ કરોડનું સૂચવ્યુ છે. જેમાં ૫.૫૦ કરોડના નવા વેરાઓની આવકનો પણ સમાવેશ થાય છે. જો કે તેઓ વિકાસ માટે સામાજિક આંતર માળખાકીય કામો, આંતર માળખાકીય કામોની ભેદરેખા સાથે પણ મહત્વના કામો સૂચવ્યા છે.

તેમણે તેમના આ ડ્રાફ્ટ બજેટમાં ગાંધીનગર શહેરમાં વધતા જતા અકસ્માતના બનાવોનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે શહેરીજનોની સુખાકારી અને સલામતીને ધ્યાને રાખી શહેરના મુખ્ય માર્ગો પરની સેન્ટ્રલ વર્જ પર ઓ નો મેન્ટલ ગ્રીલ રૂ. ૫ કરોડના ખર્ચે લગાવવાનુ આયોજન સૂચવ્યુ છે.

આ ઉપરાંત શહેરી ગરીબ વિસ્તાર અને પછાત વિસ્તારોમાં પાણી-ગટર વ્યવસ્થા વધુ સારી બને તે માટે રૂ. ૪ કરોડના કામો, તેમજ શહેરના પેરીફેરી વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ વધુ સુદૃઢ બને તે માટે વધારાના ૪ કરોડની ફાળવણી ડ્રાફ્ટ બજેટમાં કરી છે.

કમિશ્નરે તેમના બજેટમાં વિકાસના કામોને બે દૃષ્ટિથી અલગ-અલગ તારવ્યા છે. જેમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત થનાર કામો અને માળખાકીય સુવિધાના કામો મનપાના બજેટમાંથી કરાશે તેવો તર્ક રજુ કર્યો છે.

મિલ્કતવેરામાં મોબાઈલ ટાવરોના વેરામાં વધારો કરી રૂ. ૫૦ લાખની આવક મેળવવાની વાત કરી છે પણ રિસર્વે પ્રોસેસ પછી જે કારપેટ એરિયા પ્રમાણે મિલ્કતવેરો લાગશે તે અંગે બજેટ પ્રવચનમાં આકરૂ મૌન સેવ્યુ છે. સફાઈવેરામાં વિસંગતતાઓને દૂર કરવા માટે ક્ષેત્રફળને આધાર બનાવી ૧૦૦ ચો.મી. સુધીના દરમાં કોઈ વધારો નથી કર્યો પણ ૧૦૦ ચો.મી.થી વધુ ક્ષેત્રફળમાં પ્રતિ ચો.મી. પ્રતિદિન રૂ. ૨ લેખે વસુલ કરવાની વાત કહી છે. આ ઉપરાંત રહેણાંક સિવાયના વિસ્તારોમાં ૨૭૦ ચો.મી.થી વધુ ક્ષેત્રફળ ધરાવતા એકમો પાસેથી પ્રતિ ચો.મી. પ્રતિ દિન રૂ. ૪ લેખે વસુલ કરવાની દરખાસ્તે સૌને ચોંકાવી દીધા છે. આ નવી દરખાસ્ત થકી ૯૫ લાખની નવી આવક મેળવવાની વાત કમિશ્નર દ્વારા કરવામાં આવી છે.

કમિશ્નરશ્રીએ તેમના ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૯૯.૮૪ કરોડની રેવન્યુ આવકના અંદાજો રાખ્યા છે. જેમાં મિલ્કતવેરાના રૂ. ૨૫૫૦ લાખ તેમજ ૭૫૦ લાખના વ્યવસાયવેરાની વસુલાત દર્શાવી છે. તો રેવન્યુ ખર્ચ તેમણે ૭૭.૫૩ કરોડનો દર્શાવ્યો છે. જેમાં ચાલુ વર્ષે શહેરમાં રોડની સફાઈ તથા ડોર ટુ ડોર કચરો ઉપાડવાના અન્ય સફાઈના કામો પાછળ રૂ. ૨૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ દર્શાવી મહેકમ નિભાવણી તથા અન્ય ખર્ચને ધ્યાને લેતાં રેવન્યુ ખર્ચ ૭૭ કરોડ ૫૩ લાખ થવાનો અંદાજ દર્શાવ્યો છે. કેપિટલ ખર્ચ પેટે રૂ. ૬૬.૫૧ કરોડની આવક દર્શાવી છે તો ખર્ચ રૂ. ૨૦૪.૦૫ કરોડ દર્શાવ્યો છે. આ બધુ જોતાં મનપાને મહેસુલમાંથી ૮.૬૭ કરોડ અને કેપીટલ ખર્ચમાં ૫૫.૭૫ કરોડની પુરાંત દર્શાવી રૂ. ૬૪.૪૨ કરોડની પુરાંત જાળવી રાખવાની હૈયાધારણ આપી છે.

તેમણે સેવાઓના સઘનીકરણ માટે મહેકમમાં પણ આમૂલ પરિવર્તનની વાત કરી નગરજનોને લોભાવવાનો પ્રયાસ કર્યો છે. સારી સેવા માટે સારો ટેક્ષ એવી વાત કરી તેમણે મિલ્કતવેરાની આવકનો લક્ષ્યાંક ઘટાડવાનો પ્રયાસ કર્યો છે પણ તે ગળે ઉતરે તેવી વાત નથી.

આમ કમિશ્નરે મહેકમ અને કન્ટીજન્સી ખર્ચ સહિતના અન્ય ખર્ચને પહોંચી વળવા માટે નગરજનો પર વેરા ઝીક્યા છે તેમજ આંકડાઓની માયાજાળ રચી અને કોથળામાં પાનસેરી રાખી નગરજનોને વિચારતા કરી દીધા છે.



### ● બજેટ પ્રથમ નજરે ●

| | |
|---|---|
| ● રેવન્યુ આવક | ૯૯૮૪.૨૭ લાખ |
| ● રેવન્યુ ખર્ચ | ૭૭૫૩.૧૪ લાખ |
| ● કેપિટલ આવક | ૬૬૫૧.૦૫ લાખ |
| ● કેપિટલ ખર્ચ | ૨૦૪૫૦.૦૦ લાખ |

### ● રહેણાંક મિલકતોના સફાઈકર

| | | |
|---|---|---|
| મિલકત<br>રહેણાંક મિલકતો | ક્ષેત્રફળ ૦ થી ૧૦૦.૦૦ ચો.મી.<br>હાલનો દર યથાવત રૂ. ૦.૫૦ પ્રતિદિન (વાર્ષિક રૂ. ૧૮૩) | ક્ષેત્રફળ ૧૦૦.૦૧ ચો.મી.થી વધુ<br>રૂ. ૨/- પ્રતિ ચો.મી. |

### ● રહેણાંક સિવાયની મિલકતોના સફાઈકર

| | | |
|---|---|---|
| મિલકત<br>બિન રહેણાંક/ કોમર્શીયલ મિલકતો | ક્ષેત્રફળ ૦ થી ૨૭૦.૦૦ ચો.મી.<br>રૂ. ૯૦/- પ્રતિ માસ (વાર્ષિક રૂ. ૧૦૮૦/-) | ક્ષેત્રફળ ૨૭૦.૦૧ ચો.મી.થી વધુ<br>રૂ. ૪/- પ્રતિ ચો.મી. |

ઉપર મુજબની સૂચિત સફાઈ કરની દરખાસ્તથી અંદાજીત રૂ. ૯૫.૦૦ લાખ વધારાની આવક થશે.

ગાંધીનગર સહેરમાં સફાઈની કામગીરી ઉપરાંત ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શનની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી માટે આગામી નાણાંકીય વર્ષથી નીચે મુજબ ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન ચાર્જ સૂચવવામાં આવે છે.

| મિલકતનો પ્રકાર | સૂચિત નવા દર વાર્ષિક |
|---|---|
| રહેણાંક મિલકતો | રૂ. ૪૫૦ |
| રહેણાંક સિવાયની મિલ્કતો | રૂ. ૬૫૦ |

ગાંધીનગર શહેર વિસ્તારમાં વપરાતા તથા રજીસ્ટ્રેશન થતા વ્હીકલો જેવા કે ટુ વ્હીલર, થ્રી વ્હીલર અને ફોર વ્હીલર વાહનો ઉપર વ્હીકલ ટેક્ષની જોગવાઈ સૂચવવામાં આવે છે.

| વાહનનો પ્રકાર | આજીવન કરનો દર રૂ. |
|---|---|
| સ્કૂટર, મોટરસાઈકલ અને દ્વીચક્રી વાહનો | બેઝીકના પ્રાઈઝના ૨ ટકા લેખે |
| દરેક પ્રકારના વાહનો જેવા કે ઓટોરીક્ષા, લોડીંગ રીક્ષા, મોટરકાર તથા જીપ જેની બેઝીક પ્રાઈઝ (એ) રૂ. ૫.૦૦.૦૦૦ સુધી | બેઝીકના પ્રાઈઝના ૨ ટકા લેખે |
| (બી) રૂ. ૫,૦૦,૦૦૧ થી રૂ. ૧૦,૦૦,૦૦૦ સુધી | બેઝીકના પ્રાઈઝના ૨.૨૫ ટકા લેખે |
| (સી) રૂ. ૧૦,૦૦,૦૦૦ થી ઉપર | બેઝીકના પ્રાઈઝના ૨.૨૫૦ ટકા લેખે |
| મેટાડોર-મીની બસ, ટ્રક તથા મોટી બસ અન્ય હેવી મોટરાઈઝ્ડ મશીનરી | બેઝીકના પ્રાઈઝના ૨.૫૦ ટકા લેખે |

### ● કમિશ્નરે ત્રીજુ ડ્રાફ્ટ બજેટ રજુ કર્યુ

ગાંધીનગર મહાનગરપાલિકામાં મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદીએ આ ત્રીજુ ડ્રાફ્ટ બજેટ રજુ કર્યુ છે. આ બજેટ તૈયાર કરવામાં તંત્ર આમ તો છેલ્લા પંદર દિવસથી કવાયત કરી રહ્યુ હતુ પરંતુ કમિશ્નર મોદીએ છેલ્લા ૭૨ કલાક તો સતત બેઠકમાં વ્યસ્ત રહી અને અંદાજપંત્રને આખરી ઓપ આપ્યો હતો.

### ● ત્રીજા ડ્રાફ્ટ બજેટમાં બીજીવાર વાહનવેરાની દરખાસ્ત

મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદીએ તેમના ઈન્ચાર્જ તરીકેના કાર્યકાળ વખતે પ્રથમવાર વાહનવેરાની દરખાસ્ત તેમના ડ્રાફ્ટ બજેટમાં કરી આવકના નવા સ્ત્રોતો પર લક્ષ આપવા સૂચવ્યુ હતુ જે પાછળથી સ્થાયી સમિતિએ દરખાસ્ત ફગાવી દીધી હતી.

હવે પૂર્ણકાલીન કમિશ્નર તરીકે આજે રજુ કરેલા ત્રીજા બજેટમાં વાહનવેરાની દરખાસ્ત તેના કર માળખા સાથે રજુ કરી વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે કરી છે.

### ● ૨૦૧૭-૧૮ કરતાં ૧૮-૧૯ના વર્ષના બજેટ કદમાં રૂ. ૨૭ કરોડનો વધારો

મ્યુનિ. કમિશ્નરશ્રીએ આજે રજુ કરેલા ડ્રાફ્ટ બજેટમાં ગત વર્ષની તુલનામાં રૂ. ૨૭ કરોડનો વધારો કર્યો છે. જે ૧૦ ટકા કરતાં વધુ છે.

કમિશ્નરે ગત વર્ષનું રિવાઈઝ કરેલ બજેટની રકમ રૂ. ૨૫૫.૩૮ કરોડની દર્શાવી છે. જ્યારે આગામી વર્ષનું બજેટ કદ રૂ. ૨૮૨.૦૩ કરોડ દર્શાવ્યુ છે.

### ● પાટનગર યોજનાને છેલ્લા ત્રણ વર્ષમાં ૫૮ કરોડ રૂ. ફાળવ્યા

બજેટ રજુ કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં કમિશ્નરે પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં જણાવ્યું હતુ કે ત્રણ વર્ષમાં માર્ગ સુધારણા માટે રૂ. ૪૪ કરોડ અને પાણી ગટર વ્યવસ્થાની સુધારણા માટે રૂ. ૧૪ કરોડ મળી રૂ. ૫૮ કરોડ મહાનગરપાલિકાએ ફાળવી આપ્યા છે.


## પ્રથમ માસિક પુણ્યતિથિએ ભાવભીની અંજલિ



**સ્વ. નવનીતલાલ શિવશંકર શુક્લ**

સ્વર્ગવાસ તા. ૩૧-૧૨-૨૦૧૭

न जायते म्रियते वा कदाचि - न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।

ભાગવદ ગીતા - ૨-૨૦

આ આત્મા કદી જન્મતો નથી કે મરતો નથી, ન તો એ ઉત્પન્ન થઈ ફરી પેદા થવા વાળો છે. તે તો અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીર હણવાથી તે હણાતો નથી.

ભગવત ગીતા-૨-૨૦

પૂજ્ય પિતાજી,
આપની પ્રથમ માસિક પુણ્યતિથિએ
શત્ શત્ નમન...

લિ.

યોગેશ નવનીતલાલ શુક્લ
ઉપેન્દ્ર નવનીતલાલ શુક્લ
હરેશ નવનીતલાલ શુક્લ
દેવયાની ચંદ્રવદન પંચોલી
ડોલી મૌલિક જોષી
ખુશબુ - જીત

હર્ષદભાઈ શિવશંકર શુક્લ
જય યોગેશ શુક્લ
વિશાલ ઉપેન્દ્ર શુક્લ
જૈનિષ હરેશ શુક્લ
જાનકી યોગેશ શુક્લ
જૈનમ હરેશ શુક્લ

તથા સમસ્ત શુક્લ પરિવાર


## શહેરના વરિષ્ઠ ગરબા કલાકાર દેવિયાનીબેનનું દુખદ અવસાન



ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરના સ્થાપના કાળથી ગરબા પ્રવૃતિ સાથે સંકળાયેલા દેવીયાનીબેન આચાર્યનુ એક મહીનાની ટુંકી માંદગી બાદ ગત સાંજે અવસાન થયુ છે. ગાંધીનગરમાં કલા અને સંસ્કૃતિ સાથે સંકળાયેલી વૃતિ પ્રવૃતિને વેગ આપવામાં તેમણે પાયાનુ યોગદાન પુરુ પાડયુ હતુ. સચિવાલયમાં ગરબાની શરૂઆત પણ તેમણે કરી હતી. સચિવાલયની મહીલા કર્મચારીઓને ગરબાની તાલીમ પણ આપી હતી.

ગાંધીનગરના સ્થાપના કાળથી શહેરમાં કલાત્મક વૃતિ પ્રવૃતિને વેગ આપવામાં જેમણે પાયાનુ યોગદાન આપ્યુ છે તેવા દેવિયાનીબેન આચાર્યનુ ગઈકાલે સાંજે દુખદ અવસાન થતા નગરજનો તેમજ કલાસંસ્થાઓમાં શોકની લાગણી વ્યાપી છે. ગાંધીનગર આજે કલાક્ષેત્રે જે ઉંચાઈ છે. તેને હાંસલ કરવામાં દેવિયાનીબેનનુ યોગદાન વિશેષ છે. નગરના ઉભતા કલાકારોને પ્રોતસાહીત કરવા ઉપરાતં તેમને ગરબાની તાલીમ આપવાનુ કામ તેમણે દાયકાઓ પુર્વે જ શરૂ કરી દીધુ હતુ. જયારે સચિવાલયમાં બહેનોને ગરબા શીખવી નગરની મહીલાઓને પણ તાલીમ આપી હતી. ગરબા સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે તેમનો રોલ ખુબ જ નોંધપાત્ર રહયો હતો. શહેરમાં આજે અનેકવિધ કલાસંસ્થાઓ ગરબાની તાલીમ આપે છે. જયારે ગરબાને અનુલક્ષી અનેકવિધ સ્પર્ધાઓનુ પણ આયોજન કરવામાં આવી રહયુ છે. જયારે ગરબાની કલાને આગળ ધપાવવા માટે દેવિયાનીબેનના યોગદાનનુ નગર સદાય ઋુણી રહેશે તેવી લાગણી પણ કલારસિકોએ વ્યકત કરી છે.


## "સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

## 'રાજધાનીનાં રતન'

'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

**નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :**

| | |
|---|---|
| **ડૉ. ચેતના અ. બુચ**<br>પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા.,<br>સેકટર-૨૦, ગાંધીનગર<br>મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮ | **શ્રી હરેશ કે. ઠાકર**<br>પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ,<br>જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭,<br>ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯ |
| **મનોજ શુકલ**<br>મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯ | **રમેશ પટેલ**<br>પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા |

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com